ક્રમાંક:- એસએજી/રમત/એસો.પ્રિ-નેશનલ કોચીંગ કેમ્પ
અને સ્પર્ધામાં ભાગ લેવાની સહાય/૨૦૧૫-૧૬
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
બ્લોક નં:-૧૪/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તા. ~~/૧૧/૨૦૧૫~~
૨૧/૦૧/૨૦૧૬

## -:પરિપત્ર:-

વિષય:- રાજયકક્ષાના માન્ય એસોશીએશન દ્વારા નેશનલ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા જનાર રાજયની ટીમના પ્રિનેશનલ કોચીંગ કેમ્પ અને સ્પર્ધા અંગેના ખર્ચ માટે સહાય ફાળવવા બાબત.

રાજ્યના રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના તા.૨૯/૦૪/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:-એસએજી/૧૦૨૦૧૪/૨૦૫૯/બથી રાજ્ય સરકાર દ્વારા રાજયકક્ષાના માન્ય એસોશીએશન દ્વારા નેશનલ ચેમ્પિનશીપમાં ભાગ લેવા જનાર રાજયની ટીમના પ્રિનેશનલ કોચીંગ કેમ્પ અને સ્પર્ધા અંગેના ખર્ચ માટે સહાય આપવાની યોજના કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

નાણાંકીય વ્યવસ્થાના અભાવે ઘણા એસોશીએશન નેશનલ ચેમ્પિયનશીપમાં ભાગ લેનાર રાજયની ટીમના કોચીંગ કેમ્પનું આયોજન કરી શકતા નથી. તથા અમુક એસોશીએશનો નેશનલ ચેમ્પિયનશીપમાં રાજયની ટીમને ભાગ લેવા મોકલી શકતા નથી અથવા તો ખેલાડીઓએ સ્વ-ખર્ચે સ્પર્ધામાં ભાગ લેવા જવું પડે છે. આવા સંજોગો આર્થિક રીતે નબળા ખેલાડીઓ સારી રમત હોવા છતાં સ્પર્ધામાં રમવા માટે જઇ શકતા નથી. આ યોજનાનો હેતુ રાજયની વધુમાં વધુ ટીમો પ્રિનેશનલ કોચીંગ કેમ્પ દ્વારા પુરતી તૈયારી સાથે નેશનલ ચેમ્પિયનશીપમાં ભાગ લે, અને રાષ્ટ્રકક્ષાએ વિજેતા થઇ રાજયને ગૌરવ અપાવે તે રાખવામાં આવેલ છે.

યોજનામાં સમાવેશ રમતો::-

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલી રહેલ સેન્ટર ઓફ એકસલન્સીમાં સમાવેશ કરેલ ઓલમ્પિક રમતો ઉપરાંત પરંપરાગત રમાતી ચેસ,કબડ્ડી અને ખોખો રમતોનો સમાવેશ આ યોજના હેઠળ કરવામાં આવે છે.

કેમ્પનો સમયગાળો::- કેમ્પનો સમયગાળો વધુમાં વધુ ૧૦ દિવસનો રહેશે. જેમાં કેમ્પ સ્થળે પહોંચવાનો એક દિવસ વધારાનો મળશે.

કોચીંગ કેમ્પ અને સ્પર્ધા માટે કોચની નિમણૂંક::-

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા નિયુકત કરવામાં આવેલ, જે તે રમતના એકસપર્ટ કોચ, હેડકોચ, અને એસોશીએશને પરામર્શ કરી કવોલીફાઇડ કોચ, આસીસ્ટન્ટ કોચની નિયુકિત એસોસીએશન ધ્વારા અગાઉથી કરવાની રહેશે.

ખેલાડીઓની સંખ્યા::- જે તે રમતના આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના માન્ય એસોશીયેશનના નિયમો અનુસાર નકકી કરવામાં આવેલ ટીમના ખેલાડીઓની સંખ્યા રહેશે.

નાણાંકીય સહાયની વિગત::- પ્રિ-નેશનલ કોચીંગ કેમ્પ અને સ્પર્ધા અંગેના નીચે મુજબના ખર્ચ માન્ય રાખવામાં આવશે. રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લેનાર ટીમના ખેલાડીઓના કોચીંગ કેમ્પ અને સ્પર્ધા ખર્ચ અંગે પ્રશિક્ષણ શિબીર તથા સ્પર્ધા માટેના ખર્ચની વિગત નીચે મુજબ રહેશે.

(ક) પ્રશિક્ષણ શિબીર દરમ્યાન ખર્ચ::-

૧. ભોજન ખર્ચ::- પ્રતિદિન પ્રતિ ખેલાડી/કોચ/આસીસ્ટન્ટ કોચ માટે રૂ.૧૫૦/-ની મહત્તમ મર્યાદામાં કરવો. જેમાં સવારના ચા, બ્રેકફાસ્ટ, બપોર અને રાત્રી ભોજનનો સમાવેશ કરવાનો રહેશે.

૨. નિવાસ ખર્ચ::- પ્રતિદિન પ્રતિ ખેલાડી/કોચ/આસીસ્ટન્ટ કોચ રૂ.૧૦૦/-ની મહત્તમ મર્યાદામાં કરવો.

૩. આનુષાંગિક ખર્ચ:- મેદાન, સાધન, આનુષાંગિક ખર્ચ પ્રતિદિન રૂ.૫૦૦/- લેખે

૪. ખેલાડી/કોચ/આસીસ્ટન્ટ કોચને રેલ્વેના બીજા વર્ગનું ભાડું અથવા એસ.ટી.બસ ભાડું રહેઠાણથી કેમ્પ સ્થળ સુધીનું મળશે. જેમાં રીક્ષાભાડાનો સમાવેશ કરી શકાશે નહી.

(ખ) રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા અંગેનો ખર્ચ::-

૧. કેમ્પના સ્થળથી સ્પર્ધા સ્થળ સુધીનું રેલ્વેના બીજા વર્ગનું રીઝર્વેશન ચાર્જ સહિત/ એસ.ટી.(નોન લક્ઝરી).ના ભાડાની મર્યાદામાં પ્રવાસ ખર્ચ મળશે.

૨. મુસાફરી દરમ્યાન પ્રતિદિન રૂ.૧૫૦/-ના દરે ભોજનખર્ચ મળશે.

૩. જો સ્પર્ધાના આયોજકે ભોજન વ્યવસ્થા નહી કરેલ હોય તેવા કિસ્સામાં પ્રતિદિન રૂ.૧૫૦/- ની મર્યાદામાં ભોજન ખર્ચ મંજુર કરવામાં આવશે.

સામાન્ય નિયમો::-

૧. આ યોજનાનો લાભ લેવા ઇચ્છનાર રાજયકક્ષાના દરેક એસોશીએશને તેમની રમતના બે વયજૂથની અગાઉથી માહિતી આપવાની રહેશે. સામાન્યતઃ બે વય જૂથને જ સહાય આપવામાં આવશે. પરંતુ જે તે રમતના રાષ્ટ્રકક્ષાએ પરિણામને તેમજ બજેટ જોગવાઇ ધ્યાનમાં રાખતા વધુ વયજુથને લાભ આપી શકાશે.

૨. એથ્લેટીકસ, સ્વીમીંગ જેવી રમતોમાં ગત વર્ષના જે તે વયજૂથના પરીણામો મુજબ કવોલીફાઇડ આંક ધરાવતા ખેલાડીઓની ટીમને જ આ યોજનાનો લાભ મળશે.

3. રાજયકક્ષાનું એસોશીએશન રાજય સરકારના રમતગમત વિભાગની માન્યતા ધરાવતું રજીસ્ટર્ડ એસોશીએશન હોવું જોઇએ.

૪. ફકત નેશનલ ચેમ્પિયનશીપ જે ભારત સરકારના માન્ય નેશનલ ફેડરેશન દ્વારા યોજાતી હોય તે સ્પર્ધામાં ભાગ લેનાર ટીમ અને ખેલાડીઓનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવશે.

૫. નેશનલ ચેમ્પિયનશીપ માટેની ટીમની પસંદગી રાજયકક્ષાની ચેમ્પિયનશીપ યોજીને કરેલ હોવી જોઇએ.

૬. આખરી નિર્ણય લેવાની સત્તા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની રહેશે.

૭. સદરહું નેશનલ ચેમ્પિયનશીપમાં જે તે વયજૂથે ગત વર્ષે ભાગ લીધેલ હોય તો તેના ખેલાડીઓની નામની યાદી, પ્રિનેશનલ કેમ્પની વિગત અને પ્રિનેશનલ કેમ્પમાં થયેલ ખર્ચની વિગત, તથા સ્પર્ધા માટેના ખર્ચની વિગત આપવાની રહેશે.

૮. કોચીંગ કેમ્પનું આયોજન જે તે રમતના હેડકોચ, સિનીયર કોચ અને એસોશીએશનના પદાધિકારીએ પરામર્શમાં રહી કરવાનું રહેશે.

૯. સ્પર્ધા દરમ્યાન ખેલાડીની સ્પોર્ટસ કીટ ઉપર એસ.એ.જી. લોગો લગાવવાનો રહેશે.

૧૦. દરખાસ્ત એક માસ પહેલા કરવાની રહેશે.

૧૧. સ્પર્ધા અંતે જે તે રાષ્ટ્રકક્ષાના એસોશીએશનમાં ભાગ લીધેલ પત્ર રજુ કરવાનો રહેશે.

૧૨. એસોશીએશન ધ્વારા કેમ્પ અને સ્પર્ધામાં વધારાનો ખર્ચ કરી કરશે.

૧૩. શિબિરનું આયોજન અને સ્પર્ધામાં ભાગ લેવા અંગે તમામ તૈયારી એસોસીએશને કરવાની રહેશે.

૧૪. સ્પર્ધા બાદ સ્પર્ધાનો અહેવાલ અત્રેની કચેરીને રજુ કરવાનો રહેશે.

૧૫. આ સહાય મેળવવા માટેની અરજી નિયત પત્રકમાં કરવાની રહેશે.

૧૬. આ અંગેની ગ્રાન્ટ સંબંધિત સીનીયર કોચને ફાળવવામાં આવશે.

આ અંગેની અરજી રાજયના માન્ય એસોશીએશનના સેકેટરી/પ્રેસીડેન્ટ દ્વારા ફોરવર્ડીંગ પત્ર સાથે આપવાની રહેશે.

ડાયરેકટર જનરલ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર